# મોડાસા તાલુકામાં ૧૬૨ લાખના વિકાસ કામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરાયું

હિંમતનગર, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગાજણ, દધાલીયા, ટીંટોઇ અને બામણવાડ ગામે ગુજરાત રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે રૂ. ૧૬૨ લાખના ૨૮ વિકાસના કામોનું લોકાર્પણ-ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું.

મથકોએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી થાય છે જેમાં જિલ્લામાં કરોડો રૂપિયાના ખાતમુર્હૂત અને લોકાર્પણો કરવામાં આવે છે. મંત્રીશ્રીએ મોડાસા તાલુકામાં ગાજણ ગામે રૂ. ૩૫ લાખ, દધાલીયા ગામે રૂ. ૫૩.૩૦ લાખ, ટીંટોઇ રૂ. ૪૨.૩૦ લાખ અને બામણવાડ રૂ. ૩૧.૩૫ લાખના વિકાસના ૨૮



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

-સંગિક -વચનમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજનું બાળક આવતી કાલનું ભિવષ્ય છે એટલે બાળકને પાયાના શિક્ષણથી વંચિત ન રાખવા વાલીઓને અનુરોધ કર્યો હતો. રાજય સરકારે શિક્ષણક્ષેત્રે અનેક શિખરો સર કર્યા છે. ગુજરાતે દેશમાં એક મોડલ રાજય તરીકે વિકાસની ગતિને કંડારી છે. રાજય સરકાર ધ્વારા છેવાડાના ગામડાઓ સુધી પાયાની સુવિધા જેવી કે વિજળી, પાણી, રસ્તાઓ, આરોગ્ય તેમજ આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગુજરાતના સ્થાપના કાળથી રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ફકત ગાંધીનગરમાં થતી હતી પરંતુ જયારથી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતનું સુકાન સંભાળ્યું છે ત્યારથી જિલ્લા કામોના રૂ. ૧૬૨.૬૭ લાખના અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં લોકાર્પણ-ખાતમુર્હૂત મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યા હતા. જેમાં શાળાઓના ઓરડાઓ, આંગણવાડી કેન્દ્રો, રસ્તાઓનું લોકાર્પણ જયારે ૬૬ કે.વી.સબ સ્ટેશન, તળાવ ઉંડું કરવું , રસ્તાઓ બનાવવા માટેના ૪ કામોના ખાતમુર્હૂત કરવામાં આવ્યા હતા.

આ -સંગે અરવલ્લી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન -ભુદાસભાઇ પટેલ, તાલુકાના સદસ્યો, સરપંચો, અનુસૂચિત મોરચાના -મુખ , શામળભાઇ પટેલ, રમેશભાઇ પટેલ, હસમુખભાઇ પટેલ, ગ્રામજનો, શાળાના બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# આરોગ્ય-પર્યાવરણની માટેનું સ્તુત્ય કદમ 'સાબર સાયક્લોથોન ક્લબ'ની સ્થાપના

## હિંમતનગરના ડૉક્ટર્સ - એન્જિનીયર્સ - વિદ્યાર્થીઓની ૧૨ કિ.મી. લાંબી સાયકલ રેલીને જિલ્લા ક્લેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીએ પ્રસ્થાન કરાવ્યું

હિંમતનગર, તા. ૨૩

-જા સત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં થઈ રહી છે ત્યારે, હિંમતનગરના ડોકટર્સ-એન્જિનીયર્સ-વિધ્યાર્થિઓએ સાબર સાયક્લોથોન ક્લબની સ્થાપનાં કરીને આરોગ્ય અને પર્યાવરણની જાળવણી માટેનું સ્તુત્ય કદમ ઉઠાવ્યું છે. સ્થાપનાના -થમ દિવસે આજે જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે શહેરના ડોકટર્સ-એન્જિનીયર્સ-વિધ્યાર્થિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાના -તિનિધિઓએ ૧૨ કિ.મી લાંબી સાયકલ રેલી યોજી હતી. જેને જિલ્લા કલેકટર શ્રી બંછાનિધિ પાની તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી નાગરાજને ઝંડી આપી -સ્થાન કરાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આજે -થમ દિવસેજ ૬૦ જેટલા સભ્યો આ કલબમાં નોંધાયા હતા.

શહેરમાં યોજાયેલી આ સાયકલ રેલી મહાવીરનગર વિસ્તારથી શરુ થઈ મોતીપુરા, કાંકણોલ થઈ મહાવીર નગર પરત ફરી હતી. જેમાં નગરજઓ પણ જોડાયા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

આ રેલીને -સ્થાન કરાવતા જિલ્લા કલેકટર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે વિશ્વ આખું આજે ગ્લોબલ વોર્મીંગનો સામનો કરી રહ્યું છે અને સાથે સાથે ટેકનોલોજીના અધિકતમ ઉપયોગના પગલે કામગીરી સરળ બની છે પણ આપણી જીવનશૈલી પરિશ્રમ વિહોણી બની છે ત્યારે હિંમતનગરના ડોકટર્સ-એન્જિનીયર્સ એસોશીએશન દ્વારા સાબર સાયક્લોથોન કલબૅની સ્થાપના એ સાચા અર્થમાં -શંસનીય છે. જયારે આરોગ્ય રક્ષક તબીબો દૈનિક જીવનમાં સાયકલના ઉપયોગનું આ -કારનું પગલુ ભરે તે સમાજ માટે -રક છે એમ તેમણે ઉમેર્યુ હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી નાગરાજને જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી સાયકલના ઉપયોગ વધારે તે સમયની માંગ છે અને તેના પગલે સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાળવણીને પણ પીઠબળ મળશે. તેમણે શહેરના ડોકટર્સ-એન્જિનીયર્સ દ્વારા હાથ ધરાયેલી આ -કારની ઝંબેશને -શંસનીય ગણાવી હતી.

ઈન્ડિયન મેડિકલ એસોશીએશન, હિંમતનગરના સેક્રેટરી ડો. નવીન મોદીએ જણાવ્યું હતું કે, આ ક્લબ સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાળવણી ના હેતુ માટે સ્થપાઈ છે, અને સાયકલના દૈનિક ઉપયોગની સાથે સાથે સમયાંતરે આવી સાયકલ રેલી યોજીને શહેરીજનોમાં આ માટે જાગૃતિ લાવવા -યાસો કરાશે.

આ -સંગે શહેરના તબીબો, એન્જિનીયર્સ, એન..સી.સી.ના વિધ્યાર્થિઓ શહેરીજનો તથા સ્વૈચ્છિક સંસ્થાના -તિનિધિઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા પત્રકાર સંઘના પ્રમુખ પદે નરેન્દ્ર પટેલ યથાવત

મોડાસા, તા. ૨૩

મોડાસા ટાઉન પી.આઈ. અને અમુક પત્રકારો વચ્ચે થયેલ મતભેદો બાદ પત્રકારોમાં ગ્રુપ પડી જતાં મોડાસા પત્રકાર સંઘના પ્રમુખે નારાજ થઈ રાજીનામુ આપી દીધું હતું. આ બાબતે ગઈ કાલે મોડાસા સર્કીટહાઉસમાં એક મિટીંગ મળી હતી જેમાં હાજર સૌ પત્રકારોએ એક સાથે મળી વર્તમાન પ્રમુખના રાજીનામાનો અસ્વીકાર કરી તેમને પ્રમુખપદે ચાલુ રાખવા નિર્ણય લીધો છે.

મોડાસા પત્રકાર સંઘની રચના થોડા સમય પહેલાં થઈ હતી જેમાં સર્વાનુમતે મોડાસાના નામનાપાત્ર પત્રકાર નરેન્દ્રભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ મોડાસાના એક-બે પત્રકારોને મોડાસા ટાઉન પી.આઈ. સાથે મતભેદ થતાં આ મામલો સંઘ સુધી પહોંચ્યો હતો. જ્યાં વર્તમાન પ્રમુખના આદેશ મુજબ કાર્યક્રમ આપવાના નક્કી થયા હતા. આ કાર્યક્રમ બાબતે પત્રકારોમાં બે-ત્રણ ગ્રુપ પડી જતાં અને ખૂદ પીડીતો જ તટસ્થ ન રહેતા નારાજ થઈ વર્તમાન પ્રમુખ નરેન્દ્ર પટેલે રાજીનામુ આપી દીધુ હતી. ત્યારથી સ્થિતિ અસ્પષ્ટ બની હતી. તે દરમ્યાન કેટલાક પત્રકારોને પ્રમુખપદે ચડી બેસવાનું સ્વપ્ન જોવા લાગ્યા હતા. પરંતુ એક અન્ય પ્રસંગ અંતર્ગત મોડાસા સર્કીટહાઉસમાં પત્રકાર સંઘની બેઠક મળી હતી જેમાં બધા જ પત્રકારોએ સર્વાનુમતે વર્તમાન પ્રમુખ નરેન્દ્ર પટેલના રાજીનામાનો અસ્વીકાર કરી તેમને જ પ્રમુખ તરીકે ચાલુ રાખવાનો નિર્ણય લેવાતા પત્રકારોમાં આનંદનું મોજુ પરી વળ્યું છે. જ્યારે પ્રમુખ બનવા થનગનતા અમુક પત્રકારોનું સ્વપ્ન રોળાઈ ગયું છે.

# પોગલુ ગામે સગર્ભા મહિલાઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમમાં તમામ સગર્ભા મહિલાઓને પોષ્ટીક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામમાં સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા મહિલાઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નિષ્ણાંત તબીબોએ માર્ગદર્શન અને માહિતી આપી હતી.

પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામમાં સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા મહિલાઓને પૌષ્ટીકતા અંગે તેમજ ગર્ભાવસ્થામાં ધ્યાન રાખવા અંગે વિસ્તૃત માહિતી મહિલાઓને આપવામાં આવી હતી જ્યારે શિબિરાર્થી બહેનોને બેટી બચાવો અને કુટુંબ કલ્યાણ અંગે પણ માહિતી આપવામાં આવી હતી. અંતે તમામ સગર્ભા મહિલાઓને પોષ્ટીક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ માર્ગદર્શન કાર્યક્રમમાં મહંત સુનીલદાસ મહારાજ, ડૉ. ગૌતમ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

નાયક, ડૉ. એન.એમ. શાહ, ડૉ. સુરાગીની કનોડીયા, રમેશભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ મહિલા કાર્યકરો, આશા વર્કરો સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પાટણની રાણીવાવ ખાતે રાષ્ટ્રીય મતદાન દિવસ ઉજવાશે

પાટણ, તા. ૨૩

પાટણ જિલ્લામાં વિશ્વ વિખ્યાત સમાન રાણીની વાવ ભારે ખ્યાતના ધરાવે છે. જેની મુલાકાતે દેશ પરદેશનાં લોકો આવતા હોય છે. આ ઉપરાંત પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ, હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર, પાટણનાં રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટીતંત્ર પાટણ દ્વારા જિલ્લા કલેક્ટર જે.બી. વોરાની અધ્યક્ષસ્થાને એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આગામી ૨૫મી આવશે. ત્યારબાદ પાટણની સાયન્સ કોલેજ ખાતે ૨૬મી જાન્યુઆરીના રોજ સ્વતંત્ર દિનની ઉજવણી કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી રમણભાઈ વોરા,



(તસવીર : ચેતન રામી, પાટણ)

પટોળા, કલાત્મક જિનાલયો ઉપરાંત ઐતિહાસિક સ્મારકો સમાન દિવાલો, દરવાજા વગેરેના કારણે પાટણની સાઈટ વર્લ્ડ હેરીટેઝમાં સ્થાન પામવા તરફ જઈ રહી છે ત્યારે અણહિલવાડની આ ઐતિહાસિક ધરતીને સુપ્રસિદ્ધ બનાવવા ભારત સરકારના ભારતીય પુરાતત્વ વિભાગ, જાન્યુઆરીના રોજ રાણીની વાવ ખાતે રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી અને ત્યારબાદ સાંજે ૭ કલાકે ગુજરાતી ગઝલ સમ્રાટ મનહર ઉધાસ દ્વારા સંગીત સંધ્યા તેમજ સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન મળી રહે તે માટે સંગીતના કાર્યક્રમો અને રાણીની વાવ પર એક ડોક્યુમેન્ટરી રજુ કરવામાં રાજયસભાના સભ્ય દિલીપભાઈ પંડ્યા, સંસદસભ્ય જગદીશભાઈ ઠાકોર, ધારાસભ્ય રણછોડભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ મોહનભાઈ પટેલ સહિત જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# રાજ્ય સરકારે પારદર્શીય વહીવટની પ્રતિતી કરાવી છે : આનંદીબેન પટેલ

## ગુજરાત દેશનું વિકાસ મોડેલ બન્યું છે : બાયડ નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૪૬૦ લાખના ખર્ચે ૨૩ જેટલા વિકાસ કામોના ખાતમુહર્ત-લોકાર્પણ

બાયડ, તા. ૨૩

પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં થઈ રહી છે. તેના ભાગરૂપે આજે અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે નગરપાલિકા વિસ્તારમાં રૂ. ૪૬૦ લાખના ખર્ચે હાથ ધરાનાર અને ધરાયેલા વિકાસ કામોના ખાતમુહર્ત-લોકાર્પણ શહેરી વિકાસ મંત્રી આનંદીબેન પટેલના હસ્તે કરાયા હતા. જેમાં બાયડ ખાતે પ્રાંત કચેરીનું લોકાર્પણ, બાયડ ગાબટ રોડ પર પ્રોટેક્શન વોલ-તથા સી.સી. રોડનું ખાત મુહર્ત, જાગા તળાવથી વરાસી નદી તરફ આર.સી.સી. પાઈપલાઈનનું ખાત મુહર્ત, બાયડ જુના ચોઈલા રોડ પર સી.સી. રોડ વાઈડનીંગ કામનું ખાત મુહર્ત, સ્ટેશન વણકરવાસમાં પી.વી.સી. પાઈપલાઈનનું ખાત મુહર્ત, સુંદરપુરા ગામે પ્રાથમિક શાળાથી રામજી મંદિર સુધી સી.સી. રોડનું ખાત મુહર્ત, આંગણવાડી કેન્દ્રના મકાનનું લોકાર્પણ તથા આરઓ પ્લાન્ટના લોકાર્પણનો સમાવેશ થાય છે. આ કામોનું




(તસવીર : સમીર બલોચ, બાયડ)

ખાતમુહર્ત-લોકાર્પણ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે, એટલું જ નહી વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરી રહ્યુ છે. ગુજરાતે સાધેલો વિકાસ પ્રશંસનીય છે અને એટલે જ ગુજરાત દેશનું વિકાસ મોડેલ બન્યુ છે.

બાયડ ખાતે પ્રાંત કચેરીના લોકાર્પણનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રજાના કામો ઝડપથી થાય તથા તેમાં પારદર્શીય વહીવટની પ્રતિતી થાય તેવો સરકારનો અભિગમ રહ્યો છે. નવ નિર્મિત જિલ્લા-તાલુકાઓમાં એક જ સ્થળે તમામ સરકારી કચેરીઓ કાર્યરત થાય તે માટે સરકારે સુદ્રઢ રીતે આયોજન કર્યું છે, એટલું જ નહી અદ્યતન ટેકનોલોજી અને સુવિધાઓ સાથે આ મકાનો બનાવાશે જેથી તેનો મહત્તમ લાભ પ્રજાજનોને મળી રહે.

# મોડાસા તાલુકામાં ૧૦૨ લાખના વિકાસ કામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરાયું

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સંયુકત ઉપક્રમે -જાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી હિંમતનગર ખાતે થઈ રહી છે. તેના ભાગરૂપે આજે મોડાસા તાલુકાના દાવલી, ખંભીસર, રામપુર ગઢડા અને વોટડા રામપુર ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ દંડકશ્રી આત્મારામ પરમારના હસ્તે રૂ. ૧૦૨ લાખના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ -સંગે શ્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસના નવા આયામો -સ્થાપિત કરી રહયું છે. રાજયના ગામડાઓમાં નળ, રસ્તા અને વિજળી સહિત તમામ સુવિધા ઉપલબ્ધ કરાઇ છે. ગ્રામ્યકક્ષાએ શિક્ષણનો ગ્રાફ વધારવા આ સરકારે સવિશેષ ભાર મૂકયો છે. આ માટે રાજય સરકાર દ્રારા શાળા -વેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ જેવા અનેક કાર્યક્રમ અને યોજનાઓ અમલી બનાવી છે. તેમજ અંતરિયાળ વિસ્તારની શાળાઓમાં પણ શાળા ઓરડા, કોમ્પ્યુટર લેબ જેવી સુવિધા આપવામાં આવી છે.

ગ્રામ્યકક્ષાઓના યુવાનોને રોજગારી મળી રહે તે માટે તાલુકે તાલુકે આઇ.ટી.આઇ. ઉભી કરીને વિવિધ ટૂંકાગાળાના કોર્ષ પણ ચલાવવામાં આવે છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ લોક માંગણીનો સ્વીકાર કરી અરવલ્લીને અલગ જિલ્લાનો દરજજો આપ્યો છે, ત્યારે આ પંથકમાં વિકાસની ગતિ વધુ તેજ બનશે એમ તેમણે ઉમેર્યુ હતું.

નાયબ મુખ્ય દંડકશ્રીના હસ્તે રૂ. ૧૦૨.૬૯ લાખના વિવિધ ૧૪ વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. જેમાં રૂ. ૧૦૦.૬૯ લાખના ખર્ચે તૈયાર થયેલ શાળાનો ઓરડો, ચેકડેમ, રસ્તા જેવા વિવિધ ૧૩ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૨ લાખના કામનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું.

આ -સંગે જિલ્લા પંચાયતના સદસ્યશ્રી શિવસિંહ બી.ભેમાવત, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેનશ્રી વસંત પટેલ, મોડાસા તાલુકા પંચાયતના પૂર્વ -મુખશ્રી એસ.એમ.ખાંટ, અનુસૂચિત જાતિ મોરચા, મોડાસાના -મુખશ્રી મનુભાઇ તીરવાલા, દાવલીના સરપંચશ્રી લક્ષ્મીબેન ફનાત, ઉપ સરપંચશ્રી રાજેન્દ્રસિંહ પુવાર સહિત ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# તલોદમાં જૈન સમાજનો ૩૧મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ નગર ખાતે શ્રી બેતાલીસ દશા હુમ્મડ દિગંબર જૈન ચોખલા પંચ સંચાલિત આયોજન સમિતિના ઉપક્રમે ૩૧મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન થયો. આ સમૂહ લગ્નના સી.ડી. પટેલ હાઈસ્કૂલ ખાતે ઉભા કરેયાલે શાનદાર શમિયાણામાં કમોસમી વરસાદના ઝાપટાએ રંગમાં ભંગ પાડ્યા જેવી સ્થિતિનું નિર્માણ કર્યું હતું. જો કે માંગલિક પ્રસંગો પૂર્વે વરસાદ બંધ રહેતાં આયોજકોએ તથા લગ્ન પ્રસંગે આવેલા હજારો આમંત્રિતોએ રાહતનો દમ લીધો હતો.

સી.ડી. પટેલ હાઈસ્કૂલના પટાંગણમાં ઉભા કરાયેલા લગ્ન મંડપમાં આજે કુલ ૧૬ યુવા-યુવતીઓએ દામ્પત્ય જીવનની કેડી કંડારવા લગ્ન ગ્રંથિથી જોડાઈને પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. જેમાં ગુજરાત અને મહારાષ્ટ્રના પણ યુવક-યુવતીઓનો સમાવેશ થાય છે. તલોદ નગરમાં અને સમગ્ર તાલુકા પંથકના ગામોમાં લગ્નસરાની મોસમ જામી છે ત્યારે તેવા સમયે આજે વહેલી સવારથી ભારે સુસવાટાવાળા પવન સાથે વરસાદી ઝાપટાં પડતાં ઠેર ઠેર ચિંતાનો માહોલ ઉદ્ભવ્યો હતો. માંગલિક પ્રસંગો માટે આજે જાણે કે વરસાદ અણધાર્યો વિલન થઈને તુટી પડ્યો હતો.

સમૂહ લગ્નોત્સવમાં આવેલા હજારો મહેમાનોને જમવાની વ્યવસ્થાનું સ્થળ બદલવાની ફરજ પડી હતી. સમાજના યુવાનોએ તથા આયોજકોએ ભારે જહેમત ઉઠાવી લગ્નોત્સવ સાંગોપાંગ પાર પાડ્યો હતો.

જો કે, તલોદ બજારમાં ચાલતા ગટર યોજનાના કામને કારણે અને આખા નગરનો માર્ગ ઉબડખાબડ થઈ જવા પામેલ છે. જેમાં વરસાદી પાણી ભરાતાં આજે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન